રાજ્યની બિન સરકારી અનુદાનિત
કોલેજોમાં અધ્યાપક સહાયકની
ભરતી અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ 28 FEB 2014

**વંચાણે લીધા-**

(૧) યુ.જી.સી.રેગ્યુલેશન્સ ઓન મીનીનમ ક્વોલીફીકેશન્સ ઓફ ટીચર્સ એન્ડ અધર એકેડેમિક સ્ટાફ ઇન યુનિવર્સિટી એન્ડ કોલેજીસ એન્ડ મેઝર્સ ફોર ધ મેન્ટેનન્સ ઓફ સ્ટાન્ડર્ડ ઇન હાયર એજ્યુકેશન,૨૦૧૦, તા.૩૦-૬-૨૦૧૦

(૨) વિભાગના તા.૨૫-૮-૨૦૦૫,તા. ૨૮-૩-૨૦૦૬, તા. ૧૬-૬-૨૦૦૮, તથા તા.૧૫-૬-૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક--એનજીસી-૧૧૦૪-૧૬૫૭-ખ

(૩) વિભાગનો તા.૧૪-૯-૨૦૧૧ નો સમાનાંકી ઠરાવ.

(૪) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરની દરખાસ્ત ક્રમાંક-કવટ/ભરત/વ-૫/૨૦૧૪/૭૦૬૨, તા.૨૪-૨-૨૦૧૪

**આમુખ -**

રાજ્યની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી પ્રક્રિયા અંગે વંચાણે લીધેલ ક્રમાંક – (૩) ના ઠરાવથી કેન્દ્રીયકૃત ભરતીથી જગ્યાઓ ભરવા કરાવવામાં આવેલ છે. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક-(૪) ના પત્રથી રાજ્યની બિન સરકારી અનુદાનિત સાયન્સ કોલેજોમાં વર્ષ-૨૦૧૩-૧૪ માં ખાલી પડેલ જગ્યાઓની વર્કલોડને આધારે ગણતરી કરી અધ્યાપક સહાયકની કુલ-૨૦૨ જગ્યાઓ કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા અનુસરીને ભરવા માટેની મંજુરી આપવા દરખાસ્ત કરેલ હતી જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ-**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત સાયન્સ કોલેજોમાં ખાલી પડેલ કુલ-૨૦૨ જગ્યાઓ કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયા અનુસરીને "અધ્યાપક સહાયક" તરીકે ભરવા માટે નીચે દર્શાવેલ શરતોને આધિન આથી પરવાનગી આપવામાં આવે છે.



Scanned by CamScanner

શરતો -

૧. ભરતી પ્રક્રિયા દરમ્યાન સરકારશ્રીની અનામત અંગેની પ્રવર્તમાન સૂચનાઓ મુજબ રોસ્ટર રજીસ્ટર નિભાવવાનું રહેશે.

૨. આ ભરતી પ્રક્રિયા "અધ્યાપક સહાયક" ની મૂળ યોજના તથા વખતો વખત બહાર પાડવામાં આવેલ સુધારા મુજબ કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( એમ.એચ.ખુમાર )
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી,ડૉ. જીવરાજ મહેતાભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ-૧(ઓડીટ), ગુજરાત રાજય, અમદાવાદ-રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ-૨(પે એન્ડ ઇ), ગુજરાત રાજય, અમદાવાદ-રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
- નાણાં વિભાગ, સચિવાલય,
- નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, મહારાજા સયાજીરાવ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, વડોદરા
- રજીસ્ટ્રારશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર.
- રજીસ્ટ્રારશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
- રજીસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
- રજીસ્ટ્રારશ્રી, હેમચંદ્રાચાર્ય, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.
- રજીસ્ટ્રારશ્રી, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર-૩૬૪૦૦૨
- રજીસ્ટ્રારશ્રી, ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા, કચ્છ, યુનિવર્સિટી, ભૂજ
- રજીસ્ટ્રારશ્રી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ, જી. જુનાગઢ
- આચાર્યશ્રી, બિન સરકારી અનુદાનિત આર્ટસ, સાયન્સ, કોમર્સ, કાયદા અને બી.એડ. કોલેજ, ગુજરાત રાજય, ગાંધીનગર( ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી મારફત)
- સેકશન અધિકારીશ્રી, ખ.૧, શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ-ખ-શાખા.



Scanned by CamScanner